# સાબરકાંઠા જિલ્લામાં બે અકસ્માતમાં બે વ્યક્તિઓનાં કરૂણ મોત

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મોડાસાથી શામળાજી હાઈવે પર સુરપુર ગામની સીમમાં શુક્રવારે બપોરના સમયે પસાર થઈ રહેલી રીક્ષા અને આઈશર ટેમ્પાના અકસ્માતમાં રીક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અને તેમાં બેઠેલ એક મુસાફરનું બનાવ સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણ જણને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડી દેવાયા હતા. જ્યારે સાત દિવસ પહેલા હિંમતનગર તાલુકાના ઈલોલ ગામ નજીક કારે બાઈકને ટક્કર મારતા બાઈક સવારનું મોત નીપજ્યું હતું.

વિગત મુજબ સુરપુરની સીમમાંથી રીક્ષા નંબર જીજે-૯-વાય-૨૬૫૭ પસાર થઈ રહી હતી. ત્યારે પાછળથી આવતા ટેમ્પા નંબર જી.જે.-૧૭-વાય-૯૩૫૪ના ચાલકે જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માતને પગલે રીક્ષા અને આઈશર ટેમ્પો ચોકડીમાં ખાબક્યા હતા અને રીક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા પૃથ્વીસિંહ ઉર્ફે ફતાજી કૂબસિંહ ખાંટ ઉ.વ. ૪૫ (રહે. લક્ષ્મણપુરા, રાજલી)નું ગંભીર ઈજાઓને પગલે બનાવ સ્થળે જ મોત નિવજ્યું હતું. અકસ્માત સર્જાતા મુસાફરોની કિકિયારીઓ થતાં આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. જ્યારે વાહનચાલકોએ પણ હાઈવે પર વાહનો થંભાવી દઈ બચાવ કામગીરી હાથ ધરી હતી અને જીવલેણ ઈજાઓનો ભોગ બનનાર ત્રણ વ્યક્તિઓને તાબડતોબ મોડાસા સારવાર માટે ખસેડી દીધા હતા. બનાવ અંગેની જાણ મોડાસા રૂરલ પોલીસને થતાં હે.કો. દિનેશભાઈ રાઠોડ અને સ્ટાફ પણ તાત્કાલિક અકસ્માતના સ્થળે પહોંચી ગયા હતા. આ અકસ્માત સર્જી આઈશર ટેમ્પાનો ચાલક ભાગી છુટતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજો અકસ્માત હિંમતનગર તાલુકાના ઈલોલ ગામ નજીક સાત દિવસ પહેલા ૧૩ એપ્રિલે બપોરે ૧.૩૦ વાગે સર્જાયેલો. જેમાં હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં રહેતા ૩૪ વર્ષીય શૈલેશભાઈ શંકરભાઈ પટેલ બાઈક નંબર જીજે-૧-જેએફ-૪૮૪૩ જઈ રહ્યા હતા ત્યારે બાઈકને પાછળથી કાર નંબર જીજે-૯-બી.એ. ૧૭૫૬એ ટક્કર મારતા બાઈક સવાર શૈલેષભાઈ રોડ પર પટકાયા હતા અને તેમનું ગંભીર ઈજાને કારણે સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે વિજાપુર તાલુકાના ફુદેડા ગામના પ્રવીણભાઈ પુંજાભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.



# બાયડ તાલુકામાં ભાજપા પ્રેરીત કિસાન હિતયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરાયું

બાયડ તા.૨૧

સમગ્ર ગુજરાત રાજયમાં હાલ ભાજપા અને કોગ્રેસ પક્ષ દ્વારા ૨૦૧૨ વિધાનસભાની ચુંટણીઓ નજીક આવતી હોઈ વિવિધ મુદ્દાઓ ઉપર રથ લઈને પ્રજાની વચ્ચે જઈને પ્રજાના વિવિધ મુદ્દે જાગૃત કરવા વિવિધ યાત્રાઓ કાઢવામાં આવી રહી છે, ત્યારે તેવી જ ભાજપા પ્રેરીત યાત્રા કિસાન હિતયાત્રાનું આજે સવારે ૧૦ કલાકે પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ અને શંકર ચૌધરીની આગેવાની હેઠળ આ યાત્રા બાયડ આવી પહોચી હતી.

આ યાત્રાનું બાયડ માર્કેટ યાર્ડ આગળ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ યાત્રામાં ગુજરાત રાજયના ગૃહપ્રધાન પ્રફુલભાઈ પટેલ પણ ઉપસ્થીત રહયા હતા. ત્યાર બાદ આ યાત્રા જાહેર સભામાં ફેરવાઈ હતી. આ જાહેર સભાને ધારાસભ્ય શંકર ચૌધરી અને પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ સંબોધી હતી અને કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. આ પ્રસંગે બાયડના ધારાસભ્ય ઉદેસીંહ ઝાલા, બાયડ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ સુધીરભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ જગદીશભાઈ પટેલ, બાયડ શહેર પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતિ, મહામંત્રી અતુલભાઈ પટેલ, બાયડ તાલુકા મહામંત્રી બીપીનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલત્તાબહેન પટેલ અને જીલ્લા પંચાયતના સદસ્ય નેહાબેન પટેલ તથા ભાજપાના કાર્યકરો ઉપસ્થીત રહયા હતા.

(તસવીર : સમીર બલોચ, બાયડ)

## સાબરકાંઠા જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર જયપ્રકાશ શિવહરેના અધ્યક્ષ પદે યોજાઈ હતી.

બેઠકમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ તથા ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારાએ વનીકરણ, શિક્ષણ, આરોગ્ય, તળાવ સુધારણા, પીવાના પાણીની ઉપલબ્ધિ, જેવા પ્રશ્નો રજૂ કર્યા હતા. જે સત્વરે ઉકેલી પ્રજાને પડતી હાલાકી દૂર કરવા જિલ્લા કલેક્ટરે માર્ગદર્શન સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે આગામી ૬ મે ૨૦૧૨ના રોજ કૃષિ મહોત્સવ જિલ્લાની ૨૫૧ તાલુકા પંચાયત સીટ વાર પ્રારંભ થનારો હોઈ જિલ્લાના અધિકારીઓને આ દિશામાં સક્રિય કામગીરી હાથ ધરીને લોકોમાં પણ જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો. સાથે સાથે ગ્રામસભામાં રજૂ થયા હોય અને પડતર રહ્યા હોય તેવા પ્રશ્નોને પણ તાકીદે ઉકેલવા તાકીદ કરી હતી.

સમગ્ર બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરા, જિલ્લા પોલીસ વડા સહિત અને અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝાથી પકડાયેલા બે તસ્કરોએ હિંમતનગરના ચાર બાઈકોની ચોરી કબૂલી

હિંમતનગર, તા. ૨૧

મહેસાણાની ઊંઝા પોલીસના હાથે બે બાઈક ચોરો ચોરીની બાઈક સાથે પકડાયા હતા. જેમની વધુ પૂછપરછ કરતા હિંમતનગરમાંથી ચાર બાઈકો ચોર્યાનું કબુલ્યું હતું. જે બે બાઈકચોરોને હિંમતનગર પોલીસ ઊંઝાથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવીને શનિવારના રોજ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવાની તજવીજ પોલીસે હાથ ધરી છે.

બાઈકચોરી અંગેની વિગત આપતા હિંમતનગર ટાઉન પોલીસમથકના ડી સ્ટાફના સોકાભાઈ દેસાઈએ જણાવેલું કે, ગત ૧૬મી એપ્રિલના રોજ બપોરેના અઢી વાગે ઊંઝા પોલીસના હાથે ચેકચાક કરેલી નંબર પ્લેટવાળી બાઈક સાથે ઊંઝાની પંચવટી સોસાયટીમાં રહેતા સંજય અરવિંદભાઈ પટેલ અને વિજયનગર સોસાયટીમાં રહેતા સાગર ઉર્ફે લહેરી કનુભાઈ પરમાર બંને જણા પકડાયા હતા. પોલીસે એ બંનેની પૂછપરછ કરતાં તેમણે હિંમતનગરમાંથી ચાર બાઈકો ચોરી કર્યાનું કબુલ્યું હતું. જેથી આ બંને બાઈકચોરોને હિંમતનગર ટાઉન પોલીસમથકના એ.એસ.આઈ. હીરાભાઈ પાટીલ અને હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ સોલંકીએ ઊંઝા પોલીસમથકથી ટ્રાન્સફર વોરંટથી શુક્રવારના રોજ હિંમતનગર લાવ્યા હતા. અને શનિવારે બંનેને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી હતી.

પકડાયેલા બંને હિંમતનગરમાંથી ચાર બાઈકો ચોરી કર્યાનું કબુલ્યું હતું જેમાં હિંમતનગરના સિવિલના કમ્પાઉન્ડમાંથી ૨૮ માર્ચે બાઈક નંબર જીજે-૯-એજે-૪૧૧૦ ચોરેલી હતી. બીજી બાઈક હિંમતનગરના મોતીપુરામાં આવેલા આવિસ્કાર કોમ્પ્લેક્ષ આગળથી બપોરના સમયે બાઈક નંબર જીજે-૯-આર-૩૭૨૨ ચોરેલી હતી. પચ્ચીસ દિવસ પહેલા ત્રીજી બાઈક નંબર જીજે-૧-એફબી-૮૭૧૯ હિંમતનગરના મોતીપુરા વિસ્તારના દ્વારકેશ કોમ્પલેક્ષ આગળથી ચોરી હતી. અને ચોથી બાઈક દોઢ મહિના પહેલા હિંમતનગરના કોર્ટ આગળથી ચોરી કર્યાનું કબુલ્યું હતું અને તે બાઈક ઊંઝામાં અશોક કાળાને રૂ. ૪ હજારમાં આપ્યું છે.

આ અંગે પોલીસે બાઈક મેળવવા વધુ તપાસ હાથ ધરી છે. બંને બાઈક ચોરોએ કબુલેલી ચોરી પૈકી ત્રણ બાઈકો મળી આવી છે અને એકની શોધખોળ ચાલુ છે. આ બાઈક ચોરો ડુપ્લીકેટ ચાવીથી બાઈકોની ચોરી કરતા હતા. ઉપરાંત એક બાઈક ચોર સંજય પરમાર જે હિંમતનગરની સાબરડેરી પાસે ભાડાના મકાનમાં તેની પત્ની સાથે છેલ્લા કેટલાક સમયથી રહે છે.



કાંકરેજના મુખ્ય મથક શિહોરીની બજારમાં લગ્નની સિઝન આવતાં જ કાપડ-સોના ચાંદી, વાસણની અને કરીયાણાની દુકાનો પર લોકોની ભીડ જામી હતી. આવનાર અખાત્રીજનાં શુભ મુહુર્ત હોવાથી લગ્નની સિઝનની પૂરબહાર ખરીદીઓ કરતા ગ્રાહકો તસવીરમાં નજરે પડે છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# ખારેડા પ્રાથમિક શાળાની લોબીમાં ગાડી ઘૂસી જતાં અફડા-તફડી

## વિદ્યાર્થીઓની ગેરહાજરીથી મોટી જાનહાની ટળી

ડીસા, તા.૨૧

પાટણ તાલુકાના ખારેડા ગામની પ્રાથમિક શાળામાં એક ગાડી સવારે ઓચિંતી શાળાની લોબીમાં ઘુસી જતાં અફડા તફડી મચી જવા પામી હતી.જો કે શાળામાં પરીક્ષા પૂર્ણ થઈ હોવાથી ગેરહાજરીથી મોટી જાનહાની ટળી જવા પામી છે. જો શાળામાં વિદ્યાર્થીઓ હોત તો મોટી દુર્ઘટના બની ગઈ હોત તેમ ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ખારેડા પ્રાથમિક શાળામાં આજરોજ સવારના સુમારે જીજે ૨ બીડી ૧૨૫૦ નંબરની કાર એકાએક શાળાની લોબીમાં ઘુસી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ લોકો કુતુહલ વશ શાળા નજીક આવી પહોંચ્યા હતા પરંતુ લોકોની ભીડ થાય અને વધુ હોબાળો થાય તેવા ભયે શિક્ષકોએ શાળાના મુખ્યગેટને તાળું મારી દીધું હતું અને કંઈ પણ ન બન્યું હોય તેમ ખુરશીઓમાં બેસી રહ્યા હતા. આ ઘટનાને નજરે જોનાર ગ્રામજનોએ જણાવ્યું હતું એક એક શિક્ષક ગાડી શીખતા હતા ત્યારે ગાડી ઓચિંતી બે પગથિયા ચડી લોબીની અંદર ઘુસી હતી. જો કે આ બાબતે શિક્ષકોએ પોતાનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, ગાડીની બ્રેક ફેઈલ થવાથી લોબીમાં ચડી ગઈ હતી પરંતુ શિક્ષકોએ જયારે લોબીમાંથી ગાડી નીચે ઉતારી ત્યારે બ્રેક યથાવત સ્થિતિમાં હોવાનું જાણવા મળ્યું હતું. આ અકસ્માત બાબતે કોઈ પોલીસ કેસ પણ કરવામાં આવેલ નથી. આ ઘટના બની ત્યારે આચાર્યશ્રી પણ શાળામાં હાજર નહોતા! આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ જો શાળા ચાલુ હોત તો મોટી જાનહાની થાત તે કલ્પના માત્રથી ગ્રામજનો ધ્રુજી ઉઠયા હતા.

## મેઘાણીનગરમાં મોટર સાયકલ સવારનું મોત

અમદાવાદ, તા. ૨૧

શહેરના મેઘાણીનગર રામેશ્વર ચાર રસ્તા નજીક અજાણ્યા વાહન ચાલકની અડફેટે મોટર સાયકલ સવારનું મોત થયું છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે ગત તા. ૧૮ના રોજ રાત્રીના સુમારે અમરાઈવાડી ખાતે રહેતા ગુડુસિંહ પવાર રામેશ્વર ચાર રસ્તા પાસેથી મોટર સાયકલ લઈ પસાર થતાં હતાં. ત્યારે અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં તેઓ જમીન પર પટકાવાથી ગંભીર રૂપે ઘાયલ થવા પામ્યા હતા. સારવાર માટે તેમણે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જયાં તેમનું મોત થયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ટચૂકડી જાહેર ખબર

ટેનામેન્ટ ભાડે આપવાનું છે

જુના ૨૫ સેક્ટર, 2BHK, ૧૧ માસ લીવ લાયસન્સ, નોકરીયાતને પ્રથમ પસંદગી. દલાલો આવકાર્ય નથી

સંપર્ક : મો.૯૮૯૮૬ ૧૦૪૮૪

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD

Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

નેશનલ શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન, નવી દિલ્હી
(જન જાતિય કાર્ય મંત્રાલયના તાબા હેઠળ ભારત સરકારના ઉપક્રમે)

આદિવાસી શિક્ષા ઋણ યોજના

ઉદ્દેશ્ય : એનએસટીએફડીસી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વ્યવસાયિક અને ટેકનીકલ અભ્યાસક્રમો તથા પીએચડી માટે રાહતદરે ઋણ ઉપલબ્ધ કરાવશે, જે અભ્યાસક્રમો યુજીસી / સરકારી / એઆઈસીટીઈ / આઈસીએમઆર વગેરે દ્વારા અનુદાનિત કોલેજો / યુનિવર્સિટીઓ દ્વારા ચલાવાઈ રહ્યા હોય.

- **પાત્રતા :** ગરીબી રેખાની સીમાથી બે ગણી કૌટુંબિક આવક ધરાવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ આ યોજના માટે પાત્રતા ધરાવશે. હાલમાં આ સીમા ગ્રામીણ ક્ષેત્રો માટે ૩૮,૫૦૦ તથા શહેરી ક્ષેત્રો માટે રૂ. ૫૪,૫૦૦ વાર્ષિક છે.
- લોનની રકમમાં વિદ્યાર્થીના પ્રવેશ / પરીક્ષા / પુસ્તકાલય / પ્રયોગશાળા / શિક્ષણ ખર્ચ, ભોજન અને આવાસ, રહેઠાણ ખર્ચ / રીફન્ડેબલ ડીપોઝીટ / પુસ્તકો, સ્ટેશનરી, કોમ્પ્યુટર, ઉપકરણો / યંત્રો, શૈક્ષણિક પ્રવાસ, પ્રોજેક્ટ વર્ક / થિસિસ, વીમા પ્રિમિયમ અને અભ્યાસક્રમ સંબંધી અન્ય ખર્ચ આવરી લેવાસે.
- **સહાયની માત્રા :** અભ્યાસક્રમની સંપૂર્ણ અવધી માટે ખર્ચ / જમા રાશિના ૯૦ ટકા જો પ્રત્યેક પરિવાર માટે લોનની રકમ રૂ. ૫ લાખ સુધી હોય.
- **વ્યાજ દર :** ૬ ટકા લેખે લાભાર્થી પાસેથી લેવાશે.
- **રીપેમેન્ટ :** લોન પરત કરવાનો મહત્તમ સમય (મોરાટોરિયમ પિરીયડ) (અભ્યાસક્રમનો સમયગાળો તથા ૧ વર્ષ અથવા રોજગારી મળ્યાના ૬ મહિના પછી, જે પહેલા હોય તે) આગામી ૫ વર્ષોમાં હોય, પરંતુ બધી જ છૂટછાટ મળી ૧૦ વર્ષથી વધુ ન હોય.
- **આવક પ્રવૃત્તિઓ માટે નાણાં સહાય :** સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે આવક પ્રવૃત્તિઓને આગળ ધપાવવા અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ રાહત દરે નામાંની સહાય આદિવાસી શિક્ષા ઋણ યોજનામાં સામેલ છે.
- શૈક્ષણિક લોન માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલયની સબસીડી યોજના સાથે લીંકેજ માનવ સંસાધન વિકાસ મંત્રાલયની એક યોજના છે, જે હેઠળ અનુદાનિત અભ્યાસક્રમો માટે સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના લોન ચૂકવણી સમય (મોરાટોરિયમ પિરીયડ) દરમિયાન સંપૂર્ણ વ્યાજ સબસીડી અપાય છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયની યોજના સાથે આદિવાસી શિક્ષા ઋણ યોજનાને ઓપચારિક રીતે જોડવાની કાર્યવાહી એનએસટીએફડીસી દ્વારા કાર્યવાહી થઈ રહી છે.
- **કેવી રીતે અરજી કરવી :** યોગ્યતા ધરાવતા ઉમેદવારો પોતાના અધિવાસ (ડોમિસાઈલ) રાજ્ય / સંઘ રાજ્ય વિસ્તારમાં સ્થિત એનએસટીએફડીસી સંબંધીત ચેનલાઈઝીંગ એજન્સીના માધ્યમથી અપેક્ષિત દસ્તાવેજોની નકલ સાથે નિર્ધારીત અરજીપત્રકમાં અરજી કરી શકે છે.
- **સંપર્ક :** સંબંધિત રાજ્યોની ચેનલાઈઝીંગ એડન્સીઓની જાણકારી એનએસટીએફડીસીની વેબસાઈટ્ટુ.હજંકહ્ઠ.હૈષ્ઠૈ.હ પર ઉપલબ્ધ છે.

વધુ જાણકારી માટે મહેરબાની કરી સંપર્ક કરો

એકઝીક્યુટીવ ડીરેક્ટર
ગુજરાત ટ્રાઈબલ ડેવલપમેન્ટ કોર્પોરેશન
બીરસા મુંડા ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર-૧/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત
ટેલી : ૦૭૯-૨૩૨૫૩૮૮૭, ૨૩૨૫૬૮૪૬, ફેક્સ : ૨૩૨૫૩૮૯૦

મેનેજિંગ ડીરેક્ટર
હિમાચલપ્રદેશ શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ ડેવલપમેન્ટ કોર્પોરેશન
નિખિલ ભવન, પાવર હાઉસ રોડ, સપ્રુન, સોલન-૧૭૩૨૧૧, હિમાચલપ્રદેશ
ટેલી : ૦૧૭૯૨-૨૨૦૬૭૧, ફેક્સ : ૦૧૭૯૨-૨૨૦૦૫૮

મેનેજીંગ ડીરેક્ટર
રાજસ્થાન એસસી અને એસટી ફાયનાન્સ અને કો. ઓ. કોર્પોરેશન,
નહેરુ સહકાર ભવન, સેન્ટ્રલ બ્લોક, ત્રીજો માળ, ભવાઈ સીંગ રોડ, જયપુર-૩૦૨૦૦૨, રાજસ્થાન
ટેલી : ૦૧૪૧-૨૭૪૭૪૫, ૨૭૪૦૮૮૦, ૨૭૪૦૫૪૪, ફેક્સ : ૨૭૪૦૮૮૦

રજીસ્ટર્ડ અને હેડ ઓફિસ : એનએસટીએફડીસી, એનબીસીસી ટાવર, પાંચમો માળ, ભીકાજી કામા પ્લેસ, નવી દિલ્હી-૧૧૦૦૬૬.
ટેલિફોન નં. : ૦૧૧-૨૬૭૧૨૫૧૯, ૨૬૭૧૨૫૬૨, ૨૬૭૧૨૫૮૭, ૨૬૭૧૨૫૩૯, ૨૬૧૭૭૦૪૬, ૨૬૧૭૭૦૪૨ ફેક્સ નં. : ૦૧૧-૨૬૭૧૨૫૭૪
ઇમેલ : nstfbc@bol.net.in

davp 43105/11/0003/1213